પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ-મર્મરુ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈધરત્નમ્ સંદિપ પટેલ II આયુર્વેદા વૈધશાલા II
નિરામય આયુર્વેદિક હોસ્પીટલ®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શક્તિશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ તેરસ બુધવાર ૨૯ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૫૮

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો

**મનપાથી** લઈને તાલુકા પંચાયત સુધી વિપક્ષના સુપડા સાફ

**મતદારોનો** કેસરીયો મિજાજ યથાવત

**ગાંધીનગર :** ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૬ના પરિણામોના વલણોમાં ભારતીય જનતા પાર્ટીએ ફરી એકવાર રાજ્યભરમાં એકચક્રી શાસન સ્થાપિત કર્યું છે. ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતોની કુલ ૯,૯૯૨ બેઠકો પર થયેલા જંગમાં ભાજપે પ્રચંડ બહુમતી સાથે વિપક્ષી પક્ષોને પછાડી દીધા છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી 2026ના પરિણામોના ટ્રેન્ડમાં ભારતીય જનતા પાર્ટીએ શહેરથી લઈને ગ્રામ્ય સ્તર સુધી જોરદાર પ્રદર્શન કરીને સ્પષ્ટ લીડ મેળવી છે. રાજ્યની 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત અને 260 તાલુકા પંચાયતોના પરિણામોમાં ભાજપનો દબદબો દેખાઈ રહ્યો છે.આમ, સ્થાનિક સ્વરાજ્યની કુલ 9992 બેઠકોમાંથી ભાજપે બહુમતી સાથે 9733 બેઠકો મેળવી રાજ્યમાં પોતાનું એકચક્રી શાસન સાબિત કર્યું છે.



■ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ઐતિહાસિક વિજયની ઉજવણી દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ પંચાલે એકમેકનું મોં મીઠું કરાવ્યું.

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના પ્રચંડ વિજય બાદ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગરના સાંસદ અમિત શાહે રાજયના તમામ મતદારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. શાહે આ જીતને પીએમ નરેન્દ્ર મોદીના "દેશ પ્રથમ"ના ભાવ અને વિકાસની રાજનીતિ પર જનતાની મહોર ગણાવી છે. અમિત શાહે ખાસ ઉલ્લેખ કર્યો હતો કે ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં આવતી અમદાવાદ મહાનગરપાલિકા ઉપરાંત કલોલ, સાણંદ અને બાવળા તાલુકા પંચાયત, કલોલ નગરપાલિકા તેમજ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લા પંચાયત - તમામમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. તેમણે વિજેતા ઉમેદવારોને અભિનંદન પાઠવ્યા

...અનુસંધાન પાના 4 પર

### મહાનગરપાલિકા અને નગરપાલિકામાં ભાજપનો દબદબો

| સંસ્થા | કુલબેઠક | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|---|
| ૧૫ મહાનગરપાલિકા | ૧,૦૪૪ | ૯૩૦ | ૯૦ |
| ૮૪ નગરપાલિકા | ૨,૬૨૪ | ૧,૯૮૫ | ૪૫૮ |
| જિલ્લા પંચાયત | ૧,૦૯૦ | ૮૭૩ | ૧૩૪ |
| (નોંધ અન્યને ૫૬ બેઠકો મળી છે) | | | |
| તાલુકા પંચાયત | ૫,૨૩૪ | ૩,૫૩૩ | ૧,૦૧૭ |

### રાજ્યની મહાનગરપાલિકાનું પરિણામ

| મનપા | બેઠક | વિજેતા |
|---|---|---|
| પોરબંદર : | 52 | ભાજપ (52) |
| મોરબી : | 52 | ભાજપ (52) |
| નવસારી : | 52 | ભાજપ (50) કોંગ્રેસ (02) |
| નડિયાદ : | 52 | ભાજપ (51) કોંગ્રેસ (01) |
| મહેસાણા : | 52 | ભાજપ (47) કોંગ્રેસ (05) |
| કરમસદ : | 52 | ભાજપ (43) કોંગ્રેસ (08) |
| આણંદ | | અન્ય (01) |
| ગાંધીધામ : | 52 | ભાજપ (41) કોંગ્રેસ (11) |
| ભાવનગર : | 52 | ભાજપ (44) કોંગ્રેસ (08) |
| વાપી : | 52 | ભાજપ (37) કોંગ્રેસ (11) અન્ય (04) |
| સુરેન્દ્રનગર : | 52 | ભાજપ (51) કોંગ્રેસ (01) |
| રાજકોટ : | 72 | ભાજપ (65) કોંગ્રેસ (07) |
| જામનગર : | 64 | ભાજપ (60) કોંગ્રેસ (02) |
| | | આપ (02) |
| સુરત : | 120 | ભાજપ (115) |
| | | કોંગ્રેસ (01) આપ (04) |
| વડોદરા : | 76 | ભાજપ (69) કોંગ્રેસ (06) |
| | | અન્ય (01) |
| અમદાવાદ : | 192 | ભાજપ (160) કોંગ્રેસ (32) |

### ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું પરિણામ

મનપા 15 ( 15 પર ભાજપ વિજેતા)

નગરપાલીકા 84 ( 78 પર ભાજપ વિજેતા 6 પર કોંગ્રેસ વિજેતા)

જિલ્લા પંચાયત 34 (33 પર ભાજપ વિજેતા 01 પર અન્ય વિજેતા)

તાલુકા પંચાયત 260 (237 પર ભાજપ વિજેતા 16 પર કોંગ્રેસ વિજેતા 7 પર અન્ય વિજેતા)

## આજે બંગાળમાં બીજા તબક્કાનું મતદાન

**મમતા** બેનરજીનો દક્ષિણનો મજબૂત ગઢ ભાજપ ભેદી શકશે તો જ સત્તા સુધી પહોંચી શકશે

**આજના** મતદાન સાથે વર્તમાન ચૂંટણી મોસમનો અંત આવશે, ચોથી મેએ પરિણામ; આજે એક્ઝિટ પોલ

**કોલકાતા, તા. 28 (PTI):** પશ્ચિમ બંગાળમાં જ્યારે બુધવારે વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કાનું મતદાન થશે, ત્યારે રાજ્ય માત્ર તેના રાજકીય હૃદય સમાન વિસ્તારોમાં ૧૪૨ ધારાસભ્યોની જ પસંદગી નહીં કરે, પરંતુ એ પણ નક્કી કરશે કે તૃણમૂલ કોંગ્રેસ (TMC) હજુ પણ તેના દક્ષિણના ગઢ પર કબજો ધરાવે છે કે કેમ, અથવા ભાજપે આખરે રાજ્ય સચિવાલય 'નબન્ના' સુધી પહોંચવાનો માર્ગ શોધી લીધો છે.

જો ૨૩ એપ્રિલના પ્રથમ તબક્કાએ એ પરીક્ષણ કર્યું હતું કે ભાજપ ઉત્તર બંગાળ અને તેની આસપાસના જિલ્લાઓમાં પોતાની પરંપરાગત પકડ જાળવી શકશે કે નહીં, તો અંતિમ રાઉન્ડમાં લડાઈ નિર્ણાયક રીતે TMCના હોમ ગ્રાઉન્ડ ગણાતા વિસ્તારો - કોલકાતા, હાવડા, ઉત્તર અને દક્ષિણ ૨૪ પરગણા, નાદિયા, હુગલી અને પૂર્વ બર્ધમાન તરફ શિફ્ટ થઈ છે. ૨૩મીએ થયેલા મતદાન માટે એ જોવાનું રહે છે કે ઉત્તરમાં ભાજપે ગત ચૂંટણીમાં જે લાભ મેળવ્યો હતો તે જાળવી રાખે છે કે કેમ? આજે દાવ પર લાગેલી બેઠકોની સ્થિતિ સ્પષ્ટ છે. જે ૧૪૨ બેઠકો પર મતદાન થવાનું છે, તેમાંથી ૨૦૨૧માં

...અનુસંધાન પાના 4 પર

## દિલ્હી ડાયરી



### રાહુલ ગાંધીના સંબોધનથી સંસદમાં તણાવભરી સ્થિતિ સર્જાઈ

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સીમાંકન અને મહિલા અનામત બિલ પર આપેલા ભાષણથી ગૃહમાં તણાવભરી સ્થિતિ પેદા કરી દીધી હતી. તેમના આ ભાષણે સત્તાધારી પક્ષ અને સ્પીકર ઓમ બિરલાને પણ મુશ્કેલ સ્થિતિમાં મૂકી દીધા હતા. ગાંધીએ તેમના ભાષણની શરૂઆત બાળપણના એક કિસ્સાથી કરી હતી, જેમાં તેમણે તેમના દાદી અને ભૂતપૂર્વ વડા પ્રધાન ઇન્દિરા ગાંધી પાસેથી શીખેલા ડર પર વિજય મેળવવાના પાઠોને યાદ કર્યા હતા. આ સાંભળીને સત્તાધારી પક્ષ બેચેન બન્યો હતો, જેના કારણે બિરલાએ ગાંધીને બિલના મુદ્દા પર જ રહેવા વિનંતી કરી હતી. જોકે, કોંગ્રેસના નેતા અટક્યા નહીં અને જાદુઈ શો વિશેની બીજી વાર્તા શરૂ કરી દીધી. તેમણે વારંવારના અવરોધોને એમ કહીને બાજુ પર રાખ્યા કે, "હું તેના પર જ આવી રહ્યો છું.... મજા આવશે." આ દરમિયાન, પરેશાન થયેલા બિરલાએ ગાંધીને વાર્તાઓ ન કહેવા માટે ટોક્યા હતા અને આડકતરી ધમકી પણ આપી હતી. તેમ છતાં, તેઓ તેમને રોકવા કે તેમની ટિપ્પણીઓને રેકોર્ડમાંથી હટાવવા માટે કંઈ ખાસ કરી શક્યા નહીં, કારણ કે વિપક્ષના નેતા જે કંઈ કહી રહ્યા હતા તેમાં કંઈપણ અસંસદીય નહોતું. જ્યારે તેમણે આખરે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું, ત્યારે સત્તાધારી પક્ષના સભ્યોએ ભારે વિરોધ કર્યો. તેમણે ગાંધી પર વડા પ્રધાન અને સશસ્ત્ર દળોનું

...અનુસંધાન પાના 4 પર

તા. ૨૮-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૫.૨° સે. | ૨૬.૫° સે. | ૬૭% |

## ઓપેક સંગઠનમાંથી નીકળી જવાની UAEની જાહેરાત

**UAE** હવે પોતાની શરતો પર તેલ વેચશે, પહેલી મેએ ઓપેકની સાથે ઓપેક પ્લસમાંથી પણ બહાર નીકળી જશે

**તેલ** નિકાસકારોના આ સંગઠનના મુખ્ય દેશ સાઉદી સાથે તનાવ વચ્ચે જાહેરાત કરી



**દુબઈ, તા. 28 (AP):** સંયુક્ત આરબ અમીરાત (UAE)એ મંગળવારે જાહેરાત કરી છે કે તે 1 મેથી તેલ ઉત્પાદક દેશોના સંગઠન 'ઓપેક'(OPEC) અને તેના વિસ્તૃત જૂથ 'ઓપેક+' માંથી બહાર નીકળી જશે. આ પગલા અંગે છેલ્લા કેટલાક સમયથી અટકળો ચાલી રહી હતી, કારણ કે અમીરાત તેલ ઉત્પાદન પરના નિયંત્રણોથી નારાજ હતું અને પાડોશી દેશ સાઉદી અરેબિયા સાથે તેના સંબંધોમાં પણ ખટાશ વધી રહી હતી. UAE લાંબા સમયથી ઓપેકનું સભ્ય રહ્યું છે. સૌપ્રથમ 1967માં અબુ ધાબીના અમીરાત તરીકે અને ત્યારબાદ 1971માં જ્યારે UAE એક સ્વતંત્ર દેશ બન્યો ત્યારે તે સભ્ય બન્યું હતું. પરંતુ UAE સતત મધ્ય પૂર્વમાં પોતાની વિદેશ નીતિને વધુ પ્રભાવી બનાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, જે સમયાંતરે સાઉદી અરેબિયાના વલણથી વિપરીત રહી છે. ખાસ કરીને જ્યારે સાઉદી અરેબિયાના પ્રભાવશાળી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનના નેતૃત્વમાં દેશે વિદેશી રોકાણને આકર્ષવા માટે અમીરાતને સીધી પડકાર આપવાનું શરૂ કર્યું ત્યારથી તણાવ વધ્યો છે.

UAEએ તેની સરકારી સમાચાર એજન્સી 'WAM' દ્વારા ઓપેકમાંથી

...અનુસંધાન પાના 4 પર

### વૈશ્વિક ક્રૂડ બજાર પર કેવી અસર થશે?

**લંડન :** UAEના આ પગલા પછી તેલના ભાવમાં થયેલો વધારો થોડો ઓછો થયો હતો, જે સૂચવે છે કે વેપારીઓ આ એક્ઝિટને એવા પરિબળ તરીકે જોઈ રહ્યા છે જે ભવિષ્યના સપ્લાય મેનેજમેન્ટ પર અસર કરી શકે છે. UAEના આ નિર્ણયથી વૈશ્વિક સ્તરે તેલના ઉત્પાદનનું સંકલન કેવી રીતે થશે તે અંગે અનિશ્ચિતતા ઊભી થઈ છે, ખાસ કરીને એવા સમયે જ્યારે બજાર પહેલેથી જ ભૌગોલિક રાજકીય તણાવ અને શિપિંગમાં અવરોધોને કારણે દબાણ હેઠળ છે. બજાર અત્યારે અસરકારક રીતે બે વિરોધી દળોને સંતુલિત કરી રહ્યું છે - ઈરાન સંઘર્ષને કારણે તાત્કાલિક સપ્લાયની તંગી અને ઉત્પાદક સંગઠનોમાં પડેલી આંતરિક તિરાડોને

...અનુસંધાન પાના 4 પર

## બહેનના મૃત્યુનો પુરાવો આપવા શખ્સ હાડપિંજર લઈને બેંકમાં ગયો!

**ઓડિશાના** કેઓંઝરમાં આદિવાસી શખ્સની લાચારીનો વીડિયો વાયરલ; સરકારે તપાસના આદેશ આપ્યા

**બહેનના** ખાતામાંથી બેંકવાળાઓ નાણા નહીં આપતા હોવાની ફરિયાદ

**કબરમાંથી** અસ્થિઓ કાઢીને બેંકમાં લઇ ગયો



**ભુવનેશ્વર/કેઓંઝર, તા. 28 (PTI):** ઓડિશાના કેઓંઝર જિલ્લામાં એક આદિવાસી વ્યક્તિ પોતાની બહેનના મૃત્યુના પુરાવા તરીકે તેના ખોદી કાઢેલા હાડપિંજરને ગ્રામીણ બેંકમાં લઈ ગયાના એક દિવસ બાદ, મુખ્ય બેંકે સ્પષ્ટતા કરી છે કે તેઓએ માત્ર માન્ય દસ્તાવેજો માંગ્યા હતા. આ ઘટનાને કારણે મંગળવારે વિવાદ સર્જાયો હતો.

સોમવારે આ વ્યક્તિ માલીપોસી સ્થિત ઓડિશા ગ્રામીણ બેંકની શાખામાં અસ્થિઓ લઈને પહોંચ્યો હોવાનો આઘાતજનક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. મુખ્ય બેંકે જણાવ્યું હતું કે આ

...અનુસંધાન પાના 4 પર

